ગુજરાતમિત્ર
તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

પંચમહાલ-દાહોદ

સંક્ષિપ્ત સમાચાર

સિંગવડ તાલુકાના દાસા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ 2.1 કાર્યક્રમ યોજાયો

સિંગવડ : સિંગવડ તાલુકાના દાસા પ્રાથમિક શાળા ખાતે સેવા સેતુ 2.1 કાર્યક્રમ યોજાયો હતો. જેમાં સરકારની વિવિધ કલ્યાણકારી યોજનાઓના લાભ અંગેના અરજદારોના પ્રશ્નોનો સ્થળ પર જ નિકાલ કરવામાં આવ્યો હતો. આ પ્રસંગે સિંગવડ મામલતદાર, સિંગવડ તાલુકા વિકાસ અધિકારી, સિંગવડ તાલુકા પંચાયત ઉપપ્રમુખ નિરાલીબેન બારીયા દાસા સરપંચ રમીલાબેન ભાભોર જિલ્લા પંચાયત સદસ્યો, તાલુકા પંચાયત સદસ્યો સરપંચો તલાટી કમ મંત્રીઓ મામલતદાર કચેરીના કર્મચારીઓ, તાલુકા પંચાયતના કર્મચારીઓ તથા ગ્રામજનો અને અરજદારો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગરબાડાના ખારવા આંગણવાડી કેન્દ્ર-2 ખાતે આંગણ ઉત્સવ-૨૦૨૬ની ઉજવણી

ગરબાડા : ગરબાડા તાલુકાના ખારવા ગામની આંગણવાડી કેન્દ્ર-2 ખાતે ગરબાડા આઇ.સી.ડી.એસ. શાખા દ્વારા આંગણ ઉત્સવ-૨૦૨૬ની ઉજવણી કરવામાં આવી હતી. કાર્યક્રમમાં ગ્રામ પંચાયતના સભ્ય રસુલભાઈ ભૂરિયા તેમજ આઇ.સી.ડી.એસ. વિભાગના સુપરવાઇઝર જશુમતીબેન ઉપસ્થિત રહ્યા હતા. આંગણ ઉત્સવ અંતર્ગત આંગણવાડી કેન્દ્રના બાળકોને સુખડી તથા ફળનું વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત તંદુરસ્ત બાળકોને પ્રોત્સાહનરૂપ ઇનામ આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાલોલના અલાલી ગામની આંગણવાડીમાં 'આંગણ મિલન' સેવા કાર્યક્રમ યોજાયો

કાલોલ : સેવા પખવાડિયા અને સંકલ્પ અભિયાન અંતર્ગત કાલોલ તાલુકામાં આંગણવાડી સ્તરે વિવિધ સેવાકીય કાર્યક્રમો યોજાઈ રહ્યા છે. જેના ભાગરૂપે આજે કાલોલ ઘટક-2 અંતર્ગત આવતા અલાલી ગામની આંગણવાડી કેન્દ્ર ખાતે "આંગણ મિલન" સેવા પ્રોગ્રામની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. આ સેવા કાર્યક્રમમાં પંચમહાલ જિલ્લા પંચાયતના પ્રમુખ નિરજકુમાર પટેલ અને કાલોલ વિધાનસભાના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણ તેમની સાથે જિલ્લા ભાજપ મહામંત્રી નરેન્દ્રસિંહ ગોહિલ, કાલોલ તાલુકા ભાજપ મંડળના પ્રમુખ મહિદીપસિંહ ગોહિલ, કાલોલ તાલુકા પંચાયત પ્રમુખ જયપાલસિંહ રાઠોડ સહિતના આગેવાનો ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

૭૭માં વન મહોત્સવ અંતર્ગત ફતેપુરા તાલુકાની પી.એમ મોડલ સ્કુલ વાંગડ ખાતે વૃક્ષારોપણ

"૭૭" મા વન મહોત્સવ ઉજવણી કાર્યક્રમ
"એક પેડ માં કે નામ" 3.0
સામાજિક વિસ્તરણ રેંજ : ફતેપુરા
સામાજિક વનીકરણ વિભાગ, દાહોદ

ફતેપુરા : સામાજિક વનીકરણ વિભાગ દાહોદ દ્વારા ૭૭ માં વનમહોત્સવની ઉજવણીના ભાગરૂપે ફતેપુરા તાલુકાની પી એમ શ્રી મોડલ સ્કુલ વાંગડ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મંત્રી રમેશભાઈ કટારાના હસ્તે શાળા સંકુલમાં વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું. પી એમ મોડલ સ્કુલ વાંગડ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમમાં પધારેલા ગ્રામજનોને કાજુના છોડ આપીને એક પેડ મા કે નામ અભિયાન 3.0 અંતર્ગત પોત પોતાના ઘરે વૃક્ષારોપણ કરી દાહોદ જીલ્લાને હરિયાળો બનાવવા સહભાગી થવા માટે મંત્રી શ્રી રમેશભાઈ કટારા દ્વારા અપીલ કરવામાં આવી હતી.

દાહોદની નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમાસના વિદ્યાર્થીઓ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટીની મુલાકાતે

દાહોદ : દાહોદ, તારીખ 30/09/26 ના રોજ દાહોદ અનાજ મહાજન સાર્વજનિક સોસાયટી સંચાલિત નવજીવન સાયન્સ કોલેજ (ઓટોનોમાસ), દાહોદ ના B.Sc. , M.Sc. અને Research ના વિદ્યાર્થીઓએ શ્રી ગોવિંદ ગુરુ યુનિવર્સિટી અને 2nd આવિષ્કાર દ્વારા આયોજિત એક દિવસીય સેમિનાર "Indian Knowledge System: Its Origin & Relation with Pure & Applied Science."માં ભાગ લીધો હતો. આ સેમિનારમાં વિદ્યાર્થીઓ દ્વારા પોસ્ટર અને ક્વિઝ કોમ્પિટિશનમાં ભાગ લીધો હતો. જેમાં પોસ્ટર પ્રેસન્ટેશનમાં બી. એસ. સી. સેમેસ્ટર ૫ બોટની વિનાગથી દીપિકા ચૌહાણ પ્રથમ સ્થાન, એસ સી. સેમેસ્ટર ૩ ફિઝિક્સ વિનાગથી વૈષ્ણવી ભાટિયા પ્રથમ સ્થાન એમ.એસ. સી. સેમેસ્ટર ૩ કેમેસ્ટ્રીથી પ્રાચી જોશી પ્રથમ સ્થાન,એમ.એસ. સી. સેમેસ્ટર ૧ ઝૂલોજી વિભાગથી વિશાખા ગણવા પ્રથમ સ્થાન, એમ.એસ. સી. સેમેસ્ટર ૩ કેમેસ્ટ્રી વિભાગથી જીગર પ્રજાપતિ તૃતિય સ્થાન તેમજ રિસર્ચ સ્કોલરો ભુમિ ટીલવાની તૃતિય સ્થાન અને ક્વિઝ સ્પાર્થમાં જીગર પ્રજાપતિ અને અંકિત ચૌહાણ (સ્ટાફ સભ્ય) એ દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ છે.

લોભીયાના ગામમાં ધૂતારા ભૂખે ન મરે ઉક્તિને સાર્થક ઠેરવતો કિસ્સો પ્રકાશમાં આવ્યો

આકર્ષક વળતરની લાલચે દાહોદના ભાઠીવાડા ગામે નોકરી કરતા બે વ્યક્તિઓએ રૂ. ૪૨.૦૪ લાખ ગુમાવ્યા

(પ્રતિનિધી) દાહોદ, તા.20

એપ્લિકેશનના માલિક, એપ્લિકેશનના ટેકનિકલ હેડ, પ્રમોટર તેમજ SDPay/Apna Pay એપ્લિકેશનના પ્રમોટરો ડિરેક્ટરો સંચાલકો તેમજ એજન્ટો વગેરે એકબીજાની સાથે ભેગા મળી પૂર્વયોજિત ગુનાહિત કાવતરું રચી સંગઠિત રીતે જાહેર જનતાને ટૂંક સમયમાં અસાધારણ નાણાકીય વળતર આપવાની લાલચ આપતા દાહોદ ભાઠીવાડા ખાતે નોકરી કરતા બે વ્યક્તિઓએ ભેગા મળી વધુ વળતર મેળવવાની લાલચમાં કુલ રૂપિયા ૪૨.૦૪ લાખ ઉપરાંતની રકમ ભરી એપ્લિકેશનમાં એકાઉન્ટ ખોલાવતા શરૂઆતના તબક્કામાં કેટલાક રિટર્ન કેશબેક ની રકમ ચૂકવી વિશ્વાસ સંપાદન કરી એપ્લિકેશનની વિવિધ સેવાઓ બંધ ૨ જમીનમાં આવેલ ગ્રામ પંચાયત કચેરીનું ઉપયોગમાં લેવાતા ઉચ્ચ સ્તરે રજૂઆત કરી એપ્લિકેશનનું નામ બદલી નાખી ખાતામાં નાખેલ મૂળ રકમ તથા એપ્લિકેશનમાં બતાવેલ ચૂકવવા પાત્ર રકમ પરત ન આપી છેતરપિંડી વિશ્વાસઘાત કરતા દાહોદના બંને વ્યક્તિઓએ કુલ રૂપિયા ૪૨ લાખથી વધુ રકમ ગુમાવી હોવાનું પોલીસ સૂત્રો દ્વારા સત્તાવાર રીતે જાણવા મળ્યું છે. પ્રાપ્ત વિગત અનુસાર SD Pay/Apna Pay એપ્લિકેશનના માલિક ધવલ પટેલ, એપ્લિકેશન ના ટેકનિકલ હેડ હિરેનશાહ, પ્રમોટર ભાવેશ ધનેચા,SD Pay/ Apna Pay એપ્લિકેશનના પ્રમોટરો ડિરેક્ટર સંચાલકો તેમજ એજન્ટો વગેરે ભેગા મળી વર્ષ ૨૦૨૪ માં પૂર્વયોજિત ગુનાહિત કાવતરું રચી સંગઠીત રીત જાહેર જનતાને ટૂંક સમયમાં અસાધારણ નાણાકીય વળતર આપવાની લાલચ આપતી SD Pay/ Apna Pay નામની ઓનલાઈન એપ્લિકેશનદ્વારા એક સ્કીમ બહાર પાડી હતી. જે સ્કીમમાં દાહોદના ભાઠીવાડા ખાતે નોકરી કરતા ૪૩ વર્ષીય ગિરીશભાઈ પુંજાભાઈ પટેલે તારીખ ૨૦-૧૦-૨૦૨૪ના રોજ સવારે અગીયાર વાગ્યાના અરસામાં તે ઓનલાઈન એપ્લિકેશનમાં રૂપિયા ૨૧,૪૩,૦૦૦/-ઓનલાઈન ભરી એપ્લિકેશનમાં એકાઉન્ટ ખોલાવ્યું હતું જ્યારે ભાઠીવાડામાં નોકરી કરતા ૪૫ વર્ષીય તુષારકુમાર રમેશભાઈ પરમારે તારીખ ૭-૮-૨૦૨૫ ના રોજ ઓનલાઈન રૂપિયા ૨૦,૬૧,૧૮૭/-ભરી ખાતું ખોલાવ્યું હતું.

શરૂઆતના તબક્કામાં ઉપરોક્ત બંને વ્યક્તિઓને કેટલાક રિટર્ન કેશબેક ની રકમ ચૂકવી વધુ રોકાણ કરવા માટે પ્રોત્સાહિત કર્યા હતા અને એપ્લિકેશનની સ્કીન પર બંનેને અનુક્રમે ૪૯,૭૮,૦૭૬/- તથા રૂપિયા ૪૯,૩૩,૭૧૫/- જેટલી દિવસોમાં જ એપ્લિકેશનની વિવિધ સેવાઓ બંધ કરી એપ્લિકેશનનું નામ બદલી SD Pay માંથી બદલીને Apna Pay કરી ઉપરોક્ત બંને જણાએ રોકાણ કરેલ તેઓની મૂળ રકમ કુલ રૂપિયા ૪૨,૦૪,૧૮૭/-પરત નહીં આપી છેતરપિંડી આચરી હતી.

ફતેપુરા આર્ટ્સ કોલેજમાં ભવ્ય કવિ સંમેલન યોજાયું

(પ્રતિનિધી) ફતેપુરા, તા.20

ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર અને આર્ટ્સ કોલેજ, ફતેપુરાના સંયુક્ત ઉપક્રમે આર્ટ્સ કોલેજ, ફતેપુરા ખાતે ભવ્ય કવિ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. કવિ સંમેલનમાં વિવિધ સ્થળોથી પધારેલા ખ્યાતનામ કવિઓએ પોતાની કાવ્ય રચનાઓ રજૂ કરી સમગ્ર કોલેજ કેમ્પસને કાવ્યમય બનાવી દીધું હતું. આ પ્રસંગે અમદાવાદથી અનિલ ચાવડા, ભાવેશ ભટ્ટ અને ભાવિન ગોપાણી, વડોદરાથી ભરત ભટ્ટ 'પવન' અને દિનેશ ડોંગરે 'નાદાન', તેમજ ગોધરાથી કૌશિક પટેલ ઉપસ્થિત રહ્યા હતા. કવિઓએ પોતાની વિવિધ પ્રકારની કાવ્યરચનાઓ રજૂ કરતાં ઉપસ્થિત વિદ્યાર્થીઓ અને સાહિત્યપ્રેમીઓએ કાવ્યરસનો આનંદ માણ્યો હતો. કાર્યક્રમના પ્રારંભે આચાર્ય એમ. એસ. ચરપોટ પધારેલા કવિઓનું શબ્દોથી સ્વાગત કર્યું હતું. ત્યારબાદ કવિઓ તેમજ અન્ય કોલેજોમાંથી આવેલા આચાર્યો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓનું પુષ્પગુચ્છથી સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમનું ઉદ્ઘાટન આચાર્ય, કવિઓ અને મહેમાનોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા કરવામાં આવ્યું હતું.

ઝાલોદ કોર્ટનો મોટો ચુકાદો, ગુનેગારોમાં ફફડાટ વ્યાપ્યો

તારમીના પૂર્વ સરપંચને ૯.૮૦ લાખના ચેક રિટર્ન કેસમાં ૨ વર્ષની સજા

(પ્રતિનિધી) દાહોદ, તા.1

પ્રિન્સીપાલ સાનીયર ભવિલ યુવા અનેYTR એ એડિકશનભ ચીફ જયુડિશિયલ મેજિસ્ટ્રેટ ની કોર્ટ, ઝાલોદ. ઝાલોદ કોર્ટ દ્વારા નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એક્ટ કલમ-૧૩૮ હેઠળના ચેક રિટર્ન અંગેના એક મહત્વપૂર્ણ ક્રિમિનલ કેસમાં કડક ચુકાદો આપવામાં આવ્યો છે ઝાલોદના સેકન્ડ એડિશનલ સિનિયર સિવિલ જજ અને એડી. ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ નેહારીકા રાઘવની કોર્ટે તારમી ગામના માજી સરપંચ અને હાલના ચાલુ સરપંચના પિતા એવા હરેશભાઈ નાથાભાઈ બારીયાને દોષી જાહેર કરી ૨ વર્ષની સાદી કેદની સજા ફટકારી છે. પ્રાપ્ત માહિતી મુજબ, ઝાલોદના અજય મશીનરીના પ્રોપરાઈટર હિમ્મતભાઈ કલાલ પાસેથી આરોપી હરેશભાઈ બારીયાએ તારમી ગામના સરકારી કામો,બોરિંગ તથા સિમેન્ટ અને કન્સ્ટ્રક્શન સામગ્રીની ઉધાર ખરીદી કરી હતી.

જેનું કુલબિલ રૂ. ૯,૮૦,૦૦૦/- થયું હતું. આ નાણાંની ચૂકવણી માટે આરોપીએ આપેલ ચેક બેંકમાં અપૂરતા ભંડોળને કારણે બે વખત રિટર્ન થયો હતો. કાયદાકીય નોટિસ આપવા છતાં નાણાં ન ચૂકવાતા ફરિયાદી દ્વારા કોર્ટમાં કેસ દાખલ કરાયો હતો.અદાલતે પુરાવાઓ અને દલીલોના આધારે આરોપી હરેશભાઈ બારીયાને કલમ ૧૩૮ના ગુનામાં તકસીરવાન ઠેરવી ૨ વર્ષની સાદી કેદની સજા નો હુકમ કર્યો છે. આ સાથે જ, કલમ ૩૫૭ અન્વયે આરોપીએ ફરિયાદી ચેકની રકમથી ડબલ એટલે કે રૂા. ૧૯,૬૦,૦૦૦/- વળતર તરીકે ૩૦ દિવસમાં ચૂકવવાના રહેશે. જો આ રકમ ચૂકવવામાં નિષ્ફળ રહે તો વધુ ૬ મહિનાની સાદી કેદની વધારાની સજા ભોગવવી પડશે. ચુકાદા વખતે આરોપી હાજર ન હોવાથી અદાલતે તેમની વિરુદ્ધ બિન જામીનપાત્ર વોરંટ ઈશ્યુ કરવાનો હુકમ કર્યો છે.

હાલોલમાં જિલ્લા કલેક્ટરની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ

હાલોલ : આસો નવરાત્રી-૨૦૨૬ દરમિયાન પાવાગઢ ખાતે આવતા યાત્રિકોને સુચારુ, સુરક્ષિત અને સુવિધાસભર વ્યવસ્થા મળી રહે તે હેતુથી હાલોલ પ્રાંત કચેરી ખાતે પંચમહાલ જિલ્લા કલેક્ટર અજય દહિયાની અધ્યક્ષતામાં સમીક્ષા બેઠક યોજાઈ હતી. બેઠક દરમિયાન કલેક્ટર દ્વારા નવરાત્રી તહેવાર દરમિયાન યાત્રિકોની સુરક્ષા અને સુવિધાને પ્રાધાન્ય આપતાં નીચે મુજબની વ્યવસ્થાઓ અંગે સૂચનાઓ અને આયોજન કરવામાં આવ્યું હતું. પાર્કિંગ અને બસ સેવા: ટ્રાફિકનું સુચારુ નિયમન થાય તે માટે એસ.ટી. બસો તેમજ ખાનગી વાહનો માટે અલગ અને વ્યવસ્થિત પાર્કિંગ સુવિધા ઊભી કરવી. તળેટીથી માંચી સુધી યાત્રિકોની અવરજવર માટે પૂરતા પ્રમાણમાં બસ સેવા ઉપલબ્ધ રાખવી જેવી બાબતો પર ચર્ચા કરાઇ હતી.

3 ઓક્ટોબરે કામકાજથી અળગા રહેવાનો ઠરાવ

ગુજરાત ભાડા વિધેયકના વિરોધમાં કાલોલ વકીલ મંડળનો કોર્ટ બહિષ્કાર

(પ્રતિનિધી) કાલોલ, તા.1

કાલોલ વકીલ મંડળની જનરલ મીટીંગ મળી હતી. જેમાં કાલોલ બાર એસોશીએશન પ્રમુખ એચ. એ. ગોહિલ સહિત બાર એસોશીએશનના હોદ્દેદારો, જનરલ કારોબારી સભ્યો તથા બારના સભ્યઓ મોટી સંખ્યામાં હાજર રહેતા કોરમ થયું હતું અને સર્વાનુમતે નીચે મુજબનો ઠરાવ પસાર કરવામાં આવ્યો હતો. જ્યાં ઠરાવમાં જણાવ્યા મુજબ, ગુજરાત ભાડા વિધેયક 2026 ના કારણે ગુજરાત રાજ્યમાં પક્ષકારો તેમજ વકીલઓને ખૂબ જ તકલીફ પડે તેવા સંજોગો ઉભા થયા છે. જેથી આ નવા કાયદાનો વિરોધ કરવા તથા કાયદામાં જરૂરી સુધારા કરવા માટે અમદાવાદ સીટી સિવીલ કોર્ટ બાર એસોસિએશન તથા અમદાવાદ સ્મોલ કોઝ કોર્ટ બાર એસોસિએશન દ્વારા જે લડત શરૂ કરવામાં આવી છે.તેના સમર્થનમાં રાજ્યના અન્ય વકીલ મંડળો પણ જોડાયા છે. ત્યારે આ લડતને સંપૂર્ણ સમર્થન આપતા કાલોલ વકીલ મંડળ દ્વારા પણ તારીખ ૦૧/૧૦/૨૦૨૬ અને તારીખ ૦૩/૧૦/૨૦૨૬ ના રોજ કોર્ટ કામકાજથી અળગા રહેવાનો ઠરાવ કરવામાં આવ્યો છે. આ દિવસો દરમિયાન વકીલો તથા પક્ષકારો સમયસર નામદાર કોર્ટ સમક્ષ હાજર રહી શકે તેમ ન હોવાથી, કાલોલ વકીલ મંડળે નામદાર કોર્ટને નમ્ર અરજ કરી છે કે પક્ષકારો અને વકીલોની ગેરહાજરી દરગુજર કરવામાં આવે અને ન્યાયિક કાર્યવાહીમાં કોઈ વોરંટ કે અન્ય કાર્યવાહી ન કરવામાં આવે તેમજ વકીલઓના કેસને નુકસાન ન થાય તે માટે જે-તે કામ જે-તે સ્ટેજ પર રાખવામાં આવે.

દાહોદ જિલ્લામાં સગીરા સાથે દુષ્કર્મના આરોપીને ૨૦ વર્ષની સખત કેદ

(પ્રતિનિધી) દાહોદ, તા.1

દાહોદ જિલ્લાના એક ગામમાં રહેતી સગીર વયની દીકરીને વાકલીયા ગામનો રહેવાસી વિપુલભાઈ રૂમાલભાઈ ડામોર તેના કાયદેસરના વાલીપણામાંથી બહલાવી-ફોસલાવીને અપહરણ કરી લઈ ગયો હતો.

ત્યારબાદ તેની મરજી વિરુદ્ધ કુકૃત્ય આચર્યું હતું. આ અંગે ભોગ બનનાર દીકરીના પિતાએ સંજેલી પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. પુરાવાઓ મેળવી પોલીસ ફરિયાદના આધારે તપાસ કરનાર અમલદારે જરૂરી તમામ પુરાવા મેળવી એડિશનલ પોક્સો કોર્ટના જજ એચ. પી. પટેલ મેડમની કોર્ટમાં ચાર્જશીટ રજૂ કરી હતી. કેસ કોર્ટમાં ચાલવા ઉપર આવતા, સરકારી વકીલ ટીના આર. સોની દ્વારા રજૂ કરવામાં આવેલા દસ્તાવેજી પુરાવાઓ તથા ધારદાર દલીલોને ધ્યાને રાખીને, દાહોદના સ્પેશિયલ પોક્સો કોર્ટના જજ એચ. પી. પટેલ મેડમ સાહેબે આરોપી વિપુલભાઈ ઉમાલભાઈ ડામોરને દોષિત ઠેરવ્યો હતો. કોર્ટે આરોપીને ૨૦ વર્ષની સખત કેદની સજા રૂ. ૫૦,૦૦૦/- દંડ ભોગ બનનારને વળતર પેટે રૂ. ૪,૦૦,૦૦૦/- ચૂકવવાનો હુકમ કર્યો હતો.

દાહોદમાં આંતર રાષ્ટ્રીય વૃધ્ધ દિવસની ઉજવણી કરાઈ

(પ્રતિનિધિ) દાહોદ,તા.1

દાહોદ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દાહોદ અને રોટરી ક્લબ ઓફ ડાયમંડ દાહોદ ના સયુંકત ઉપક્રમે આંતરરાષ્ટ્રીય વૃધ્ધ દિવસે સર્વે વૃધ્ધ જનો ને ખેસ અર્પણ કરી ઉજવણીકરવામાં આવી. જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દાહોદના પેરા લીગલ વોલિયન્ટર હીરાલાલ સોલંકી એ "વૃધ્ધ દિવસ" અંતર્ગત વૃધ્ધોના યોગદાનની પ્રશંસા અને સન્માન કરવાનું કહ્યું હતું. એકલાપણું, આર્થિક સુરક્ષા અને એમની સાથે થનાર દુર્વ્યવહાર જેવા મુદ્દાઓ ની ચર્ચા કરાઈ હતી.

ખારી નદી ઉપર પુલ બનાવ્યા બાદ રસ્તા ઉપર ડામર કરવાનું કામ તંત્ર ભૂલી ગયું

સુખસરથી આફવા સુધીના બિસ્માર માર્ગને રિપેરીંગ કરવા માંગ ઉઠી

(પ્રતિનિધિ) સુખસર,તા.1

સુખસર થી ઢઢેલી તરફ જતા માર્ગ ઉપર સુખસરમાં આવેલ ખારી નદી ઉપર ગત ત્રણેક માસ અગાઉ નવીન ફૂલની બાંધ કામગીરી કરવામાં આવેલ છે.અને સુખસર થી નાની ઢઢેલી થઈ ફતેપુરા તરફ જવા માટે આ રસ્તો શોર્ટકટ છે.ત્યારે આ પુલ ઉપરથી પસાર થઈ સુખસર ગામમાં પ્રવેશ કરતો જાહેર માર્ગ બિસ્માર હાલતમાં જોવા મળે છે. જેના લીધે વાહનોની અવરજવર થતા આસપાસમાં રહેતા વેપારીઓ ધૂળની ડમરીઓના લીધે વેચાણ અર્થે રાખેલી ચીજ વસ્તુઓ ઉપર માટી ઉડતા મુશ્કેલી ભોગવી રહ્યા છે.તેમજ અહીંયાથી નાની ઢઢેલી,ફતેપુરા તરફ જતા ખાનગી વાહનોમાં જતા મુસાફરો આ બિસ્માર માર્ગની બાજુમાં બેસી વાહનની રાહ જોતા હોય છે.ત્યારે આ રસ્તા ઉપર પડેલા કાંકરા કોઈ વાહનના ટાયર નીચે આવી ઉડતા રાહદારીઓ તથા વાહનની રાહ જોતા મુસાફરોને ઈજાઓ પણ પહોંચાડી રહ્યા છે. ત્યારે સુખસર બસ સ્ટેશન ચોકડીથી ખારી નદી પુલ તરફ જતા આશરે બસ્સો ફૂટ રસ્તાની તાત્કાલિક ડામરથી રીપેરીંગ કામગીરી કરવામાં આવે તેવી સ્થાનિક વેપારીઓ, રાહદારીઓ તથા વાહન ચાલકોની ખાસ માંગ ઉઠવા પામેલ હોવાનું જાણવા મળે છે.

કાલોલ કોર્ટે ૧૩ વર્ષ જૂના હુમલાના કેસમાં ચુકાદો

આરોપીને દોષિત ઠેરવી વિવિધ કલમો હેઠળ સજા અને દંડ ફટકાર્યો

(પ્રતિનિધી) કાલોલ, તા.1

કાલોલની એડિશનલ ચીફ જુડિશિયલ મેજિસ્ટ્રેટ કોર્ટ (પી. એસ. રાઉન્ડલ) દ્વારા વર્ષ ૨૦૧૩ના તીક્ષ્ણ હથિયાર વડે હુમલો કરવાના ચકચારી કેસમાં મહત્વનો ચુકાદો આપવામાં આવ્યો છે. દૂધ ભરાવવા બાબતે થયેલા ઝઘડાની અદાવતમાં હુમલો કરનાર આરોપી જયવીરસિંહ વિક્રમસિંહ સોલંકીને વિવિધ કલમો હેઠળ દોષિત ઠેરવી જેલ સજા અને દંડની ફટકાર લગાવી છે. ૧૫ જૂન ૨૦૧૩ના રોજ દૂધ ભરાવવા બાબતે ડેરી વહેલી કેમ બંધ કરો છો અમારે દૂધ ભરવાનું રહી જાય છે તેવુ યોગેશભાઈ વિઠલભાઈ પટેલને કહી ગાળો બોલતા ગાળો બોલવાની ના પાડતા થયેલી તકરારમાં આરોપી જયવીરસિંહ સોલંકી અને અન્ય એક આરોપીએ તીક્ષ્ણ ધારદાર હથિયાર વડે શૈલેષભાઈ અને યોગેશભાઈ પર હુમલો કરી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી. જેમાં આરોપી જ્યવીરસિહ સોલંકીએ પોતાના હાથમાંની વાસી શૈલેષભાઈ ચંદુભાઈ પટેલ ને માથાના ભાગે જમણા કાનની ઉપરના ભાગે મારી દેતા શૈલેશભાઈને ગંભીર ઈજાના કારણે માથામાં ફેક્ચર થયુ હતું અને જમણા કાને સાંભળવાનું કાયમ માટે બંધ થઈ ગયું હતું .આ અંગે ફરીયાદી કંચનભાઈ શનાભાઈ પટેલે કાલોલ પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવ્યો હતો. દરમિયાન કેસ કાલોલ કોર્ટમાં ચાલવા ઉપર આવતા, સરકારી વકીલ આર. કે. રાઠોડની ધારદાર દલીલો, પુરાવાઓ અને મૌખિક સાક્ષીઓને ધ્યાને રાખીને કાલોલના એડી ચીફ જયુ મેજિસ્ટ્રેટ પી એસ રાઉન્ડલ દ્વારા આરોપી જયવીરસિંહ સોલંકીને ગુનેગાર ઠેરવી ઈ.પી.કો. કલમ ૩૨૬ હેઠળ: ૩ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૧૦,૦૦૦નો દંડ (દંડ ન ભરે તો વધુ ૩ માસની સાદી કેદ).ઈ.પી.કો. કલમ ૩૨૫ હેઠળ: ૨ વર્ષની સખત કેદની સજા અને રૂ. ૫,૦૦૦નો દંડ ઈ.પી.કો. કલમ ૩૨૪ હેઠળ: ૧ વર્ષની સાદી કેદની સજા અને રૂ. ૪,૦૦૦નો દંડઈ.પી.કો. કલમ ૩૨૩ હેઠળ: ૧ માસની સાદી કેદની સજા અને રૂ. ૧,૦૦૦નો દંડ ફટકારતો હુકમ કર્યો હતો.

ચેક રિટર્ન કેસમાં હાલોલ કોર્ટે આરોપીને ૬ માસની સજા

હાલોલ : બેંક ઓફ બરોડા કંજરી રોડ શાખા, હાલોલ માંથી આરોપી કલ્પેશકુમાર સુખરામભાઈ શાહ રહે. વડા તળાવ, તા. હાલોલ એ ૪,૫૦,૦૦૦/- ની પર્સનલ લોન મેળવી હતી. આ લોન પેટે બાકી નીકળતી લેણી રકમની ચુકવણી માટે આરોપીએ ૪,૩૪,૭૩૩/- નો બેંક ઓફ બરોડાનો ચેક આપ્યો હતો. મોકલવા છતાં રકમ ન ચૂકવાતાં અદાલતમાં ફરિયાદીના એડવોકડેટ આર એસ શેઠ મારફતે ધી નેગોશિયેબલ ઈન્સ્ટુમેન્ટ એક્ટની કલમ-૧૩૮ હેઠળ ફરિયાદ નોંધાવવામાં આવી હતી. દસ્તાવેજી પુરાવા અને ફરિયાદી એડવોકેટ આર એસ શેઠ ની દલીલો ધ્યાને લઈ હાલોલના એડીશનલ ચીફ જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ આર બી જોષીની કોર્ટે તમામ પુરાવાઓ ધ્યાને લઈ આરોપીને કસૂરવાર ઠેરવ્યા હતા. કોર્ટે આરોપી કલ્પેશકુમાર શાહને ૬ માસની સાદી કેદ અને ચેકની રકમ ૪,૩૪,૭૩૩/- નો દંડ ફરમાવ્યો છે.

દાહોદ પાલિકામાં સફાઈ કર્મચારીઓ માટે આરોગ્ય તપાસ કેમ્પ યોજાયો

દાહોદ : પાલિકાના નવીન ભવન ખાતે શહેરની સ્વચ્છતા જાળવવામાં મહત્વની ભૂમિકા ભજવતા સફાઈ કર્મચારીઓના આરોગ્યની સંભાળ અને સમયસર આરોગ્ય તપાસ થઈ શકે તે હેતુસર મેડિકલ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું.સફાઈ કર્મચારીઓ દરરોજ સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન જેવી કામગીરી સાથે સીધા સંકળાયેલા હોવાથી તેમના આરોગ્યની નિયમિત ચકાસણી કરવી, બ્લડ પ્રેશર અને ડાયાબિટીસ જેવી સામાન્ય પરંતુ ગંભીર આરોગ્ય સમસ્યાઓની વહેલી તકે ઓળખ કરવી તેમજ જરૂર જણાય તો સમયસર તબીબી માર્ગદર્શન અને સારવાર માટે રિફર કરવા આ કેમ્પનો મુખ્ય હેતુ હતો.

જાહેર નોટીસ

અરજદારના વ.શ્રી એસ.એસ.સંગાડા

ઝાલોદના મહે. એડી. ચીફ જ્યુડી. મેજીસ્ટ્રેટ સાહેબશ્રી ની કોર્ટમાં, મુ. ઝાલોદ

ક્રિ. પ. નં. નં. ૪૦૯/૨૦૨૬ મુદત તારીખ- ૧૨/૧૦/૨૦૨૬

અરજદાર: અમલીયાર કસુભાઈ સુરપાળભાઈ રહે. પેટપડા ફળીયુ, સાપોઈ, તા. ઝાલોદ, જી. દાહોદ
સામાવાળા: તલાટી કમ મંત્રી, સાપોઈ ગ્રામ પંચાયત, સાપોઈ, તા. ઝાલોદ, જી. દાહોદ

બાબત: જન્મ મરણ નોંધણી અધિનિયમ-૧૯૬૯ ની કલમ ૧૩(૩) મુજબ

આથી આ નોટીસથી જાહેર જનતા તેમજ લાગતા વળગતા હિત ધરાવતા તમામ ઈસમોને આ નોટીસથી જણાવવામાં આવે છે કે, આ કામના અરજદારના ગુજરનાર બહેન અમલીયાર મેનાબેન સુરપાળભાઈનાઓ તા. ૦૩/૦૫/૨૦૧૦ના રોજ કુદરતી મરણ ગયેલ, અરજદારને તેમના ગુજરનાર બહેન અમલીયાર મેનાબેન સુરપાળભાઈના મરણ પ્રમાણપત્રની જરૂર પડતા તા. ૦૧/૦૯/૨૦૨૬ના રોજ સામાવાળા- ત.ક.મંત્રી પાસે મરણ પ્રમાણપત્ર લેવા ગયેલ જેથી સામાવાળાએ સને ૨૦૧૦ના મરણ રજીસ્ટરની તપાસ કરતા અરજદારના બહેનની મરણ તારીખની નોંધણી થયેલ ન હોય તે અંગેનો અપ્રાપ્ય પ્રમાણપત્ર, મરણની નોંધણી નહી થયેલ હોવા અંગેનુ પ્રમાણપત્ર અને પંચક્યાસ વિગેરે અરજદારને આપેલ સદર અરજદાર અભણ, કાયદાના જાણકાર ન હોય અને અંદરના ગામડામા રહેતા હોય જેથી તેમની ગુજરનાર બહેનની મરણની તારીખ નોંધણી કરાવવાની રહી ગયેલ જેથી સામાવાળાના મરણ રજીસ્ટરના રેકર્ડ નોંધણી કરાવીને મરણ પ્રમાણપત્ર મેળવવા માટે અત્રેની નામદાર કોર્ટમાં ફોજદારી પરચુરણ અરજી નં.૪૦૯/૨૦૨૬ થી દાખલ કરેલ છે. સદરહું મરણ પ્રમાણપત્ર અરજદારને આપવા સામે જે કોઈ ઈસમો કે લાગતા વળગતાને વાંધો કે તકરાર હોય તો તેઓએ મુદત તારીખ - ૧૨/૧૦/૨૦૨૬ ના રોજ સવારના ૧૦:૩૦ કલાકે નામદાર કોર્ટમાં વાંધો કે તકરાર રજુ કરવા. જો તેમ કરવામાં કસુર કરશે તો નામદાર કોર્ટ યોગ્ય તે હુકમ કરશે જેની નોંધ લેશો. આજ તારીખ ૩૦મી સપ્ટેમ્બર સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર તથા મુકાબલ કરનાર
(કે.પી.રાવત)સીની. ક્લાર્ક

કોર્ટનો સિક્કો

હુકમથી (જી.જી.પટેલ)
રજીસ્ટ્રાર એડી.ચીફ જ્યુડી.મેજી. કોર્ટ, ઝાલોદ